# પોરબંદર જીલ્લાના મ્હે. ડિસ્ટ્રીકટ અને સેશન્સ જજ સાહેબની કોર્ટમાં.

ફો.પ.અ.નં.૧૧૬૬/૨૦૧૯

જયેશ પુંજાભાઈ બઢ,
ઉ.વ.આ.૨૬, ધંધો : વેપાર,
રહે. રાધેકૃષ્ણ પાર્ક, રાધાના પાડાની બાજુમાં,
ઉપલેટા, જી.રાજકોટ.
હાલ : ખાસ જેઈલ, પોરબંદર..........................................અરજદાર.

**વિ રુ ઘ્ધ**

શ્રી સરકાર,
નોટીસ થ્રુ ડી.જી.પી. પોરબંદર.
પોરબંદર. .........................................................સામાવાળા.

**<u>વિષય</u> :–** ક્રિ.પ્રો.કોડ ની કલમ ૪૩૯ મુજબ રેગ્યુલર જામીન મળવા...

**<u>ગુન્હો</u> :–** પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧–બી), ૬૫(ઈ), ૧૧૬(બી), ૯૮(૨) અને ૮૧ મુજબ..

---

અરજદાર તરફે વિ.વકીલ શ્રી એસ.ડી.જોખીયા.
સામાવાળા તરફે વિ. પી.પી.શ્રી એસ.બી.જેઠવા.

---

**–:: હુ ક મ ::–**

(૧) અરજદાર/આરોપીએ પોરબંદરના કુતિયાણા પોલીસ સ્ટેશન થર્ડ ગુ.ર.નં.૧૬૧/૨૦૧૯ પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧–બી), ૬૫(ઈ), ૧૧૬(બી), ૯૮(૨) અને ૮૧ વિગેરે મુજબના ગુન્હાના કામે કસ્ટડીમાં હોવાથી તેઓએ નીચેની અદાલતમાં જામીન મુકત થવા અરજી કરેલી, જે અરજી વિ.નીચેની અદાલતે નામંજૂર કરતાં તેઓએ ક્રિ.પ્રો.કોડ ની કલમ ૪૩૯ અન્વયે જામીન ઉપર મુકત થવા માટે અત્રેની સેશન્સ કોર્ટમાં હાલની જામીન અરજી કરેલી છે.

(૨) અરજદારની અરજીની નોટીસની બજવણી થતાં સરકાર પક્ષે વિ. પી.પી.શ્રી એસ.બી.જેઠવા હાજર રહેલા છે અને તેઓએ આ કામના તપાસ કરનાર અમલદારનું અરજદાની અરજીનો વિરોધ કરતું સોગંદનામુ આંક ૪ થી રજૂ કરેલું છે.

(૩) અરજદારના વિ.વકીલ શ્રી એસ.ડી.જોખીયાએ દલીલો કરતાં જણાવેલ છે કે, અરજદાર તદન નિર્દોષ છે અને આ કામના અરજદારને પોલીસે, હાલના ગુન્હામાં ખોટી રીતે અટક કરેલા છે. તેઓને હાલના ગુન્હા સાથે કાઈ લેવા દેવા નથી તેમજ જામીન મુકત થયેથી કયાંય નાશી ભાગી જાય તેમ નથી કારણ કે, તેઓ કુતિયાણા ઉપલેટાના રહેવાસી છે અને કહેવાતા ગુન્હા સબંધે કોઈ આજીવન કેદની શિક્ષાની જોગવાઈ નથી તેમજ તેઓનો કોઈ ગુન્હાહીત ભૂતકાળ નથી. તેઓ તેમના પરિવામાં એકમાત્ર કમાનાર વ્યકિત છે અને તેમના કુટુંબનો તેમના ઉપર આધાર રહેલો છે તેમજ હાલના ગુન્હાનું ચાર્જશીટ થઈ ન્યાયિક કાર્યવાહી પુર્ણ થતાં ઘણો સમય જાય તેમ છે. જો તેઓને જામીન મુકત કરવામાં નહી આવે તો તેમને પ્રી–પનીશમેન્ટ થાય તેમ છે. તેઓ નામદાર કોર્ટ ફરમાવશે તેવી તમામ શરતોનું પાલન કરશે તે તમામ સંજોગોમાં તેમને યોગ્ય શરતો ઉપર જામીન મુકત કરવા વિનંતી કરેલી છે.

(૪) જયારે સામાવાળા શ્રી સરકાર તરફે વિ.પી.પી.શ્રી એસ.બી.જેઠવાએ અરજદારની અરજીનો વિરોધ કરી મુખ્યત્વે એવી હકીકત જણાવેલ છે કે, તા.૦૨/૦૭/૨૦૧૯ ના રોજ આ કામના ફરિયાદી અને તેમના પોલીસ સ્ટાફના માણસો તેમના પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે આ કામના અરજદાર/આરોપી આ કામના અન્ય આરોપીઓ સાથે વડાળા ગામની સીમમાં ઈંગ્લીશ દારૂની હેરાફેરી કરતા માલુમ પડેલા અને તેમની પાસે જઈ તેમને રોકી ચેક કરતાં તેઓ જયાં હાજર હતા ત્યાથી અલગ અલગ બ્રાન્ડની ભારતીય બનાવટની ઈંગ્લીશ દારૂની શીલપેક ૧૦૯૨ બોટલો મળી આવતા તુરત જ

ધોરણસરની કાર્યવાહી કરી તે તમામ મુદામાલ દારૂનો જથ્થો કબ્જે લઈ અરજદાર/આરોપીને અન્ય આરોપીઓ સાથે અટક કરવામાં આવ્યા હતા. આ સંજોગોમાં હાલના અરજદાર જામીન મુકત થઈ ફરીથી આ પ્રકારે દારૂ મેળવી તેનું વેચાણ કરશે અગર તો સેવન કરશે અને સમાજ વિરોધી પ્રવૃતિ કરશે આ સંજોગોમાં તેઓ જામીન મુકત થવા હકકદાર બનતા નથી. તેઓએ આ સાથે તપાસનીસ પોલીસ અમલદારે રજૂ કરેલા સોગંદનામાની હકીકતોને પણ ધ્યાને લેવા વિનંતી કરેલી છે અને ઉપરોકત તમામ સંજોગોમાં અરજદારની જામીન અરજી કોઈ જ રીતે મંજૂર થવાનેપાત્ર ન હોય તે નામંજૂર કરવા વિનંતી કરી છે.

(૫) આ કામે ઉપરોકત બંને પક્ષકારોની રજૂઆતો તેમજ તપાસ કરનાર અમલદારનું સોગંદનામુ તથા પોલીસ પેપર્સ વિગેરે વંચાણે લીધેલ છે. જેમાં તપાસ કરનાર અધિકારીએ પોતાના સોગંદનામામાં અરજદારની જામીન અરજીનો વિરોધ કરી, જુદા જુદા કારણો દર્શાવી જામીન અરજી નામંજૂર કરવા વિનંતી કરી છે તે તમામ વંચાણે લીધેલ છે. સમગ્ર રેકર્ડ અને પોલીસ પેપર્સ ઉપરથી એ હકીકત ફલિત થાય છે કે, તા.૦૨/૦૭/૨૦૧૯ ના રોજ આ કામના ફરિયાદી અને તેમના પોલીસ સ્ટાફના માણસો તેમના પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે આ કામના અરજદાર/આરોપી આ કામના અન્ય આરોપીઓ સાથે વડાળા ગામની સીમમાં ઈંગ્લીશ દારૂની હેરાફેરી કરતા માલુમ પડેલા અને તેમની પાસે જઈ તેમને રોકી ચેક કરતાં તેઓ જયાં હાજર હતા ત્યાથી અલગ અલગ બ્રાન્ડની ભારતીય બનાવટની ઈંગ્લીશ દારૂની શીલપેક ૧૦૯૨ બોટલો મળી આવતા તુરત જ ધોરણસરની કાર્યવાહી કરી તે તમામ મુદામાલ દારૂનો જથ્થો કબ્જે લઈ અરજદાર/આરોપીને અન્ય આરોપીઓ સાથે અટક કરવામાં આવ્યા હતા. આમ, આ કામના અરજદાર/આરોપી ઉપરોકત વિગતે દર્શાવેલ હકીકત દારૂની પ્રવૃતિ સાથે સંકળાયેલા હોવાનું પ્રથમ દર્શનીય જણાય છે. પરંતુ હાલના જામીન અરજીના તબકકે આવા કોઈ પુરાવાઓનું મુલ્યાંકન કે વિશ્લેષણ કરવાના બદલે,

અરજદારને જામીન ઉપર મુકત કરી શકાય તેમ છે કે કેમ? તથા જામીન મુકત થયા બાદ તેઓ ફરિયાદપક્ષના પુરાવાઓને નુકશાન કરી શકે તેમ છે કે કેમ ? તે બાબતો લક્ષમાં લેવી જોઈએ. તપાસ કરનાર અમલદારે કરેલા સોગંદનામા પ્રમાણે અરજદાર જામીન મુકત થયા બાદ ફરીથી આ પ્રકારે ગુન્હો કરી શકે તેમ હોવાનું તથા ફરિયાદપક્ષના સાક્ષી પુરાવાઓને તોડવા ફોડવા પ્રયત્નો કરી શકે તેમ હોવાનું અગર તો નાશી ભાગી જાય તેમ હોવાનું જણાવેલ છે, જે હકીકત વંચાણે લીધેલ છે. આ ઉપરાંત આરોપીએ ફરીથી ગુન્હો નહી કરવાની ખાતરી આપેલી છે ત્યારે તપાસ કરનાર અમલદારે પોતાના સોગંદનામામાં વ્યકત કરેલી શંકાઓ તથા વિ. નીચેની અદાલતે પોતાની સમક્ષની હાલના અરજદારની જામીન અરજીના નિર્ણય વખતે કરેલા અવલોકનો સબંધે, અરજદાર/આરોપી વિરુધ્ધ કડક શરતો લાદી શકાય તેમ છે. અરજદાર ઉપલેટાના રહેવાસી છે અને ત્યાં પોતાના કુટુંબ સાથે રહે છે જેથી કયાંય નાશી ભાગી જવાની શકયતા જણાતી નથી. હાલના કેસનું ચાર્જશીટ ફાઈલ થઈ, ન્યાયિક કાર્યવાહી ચાલી પુર્ણ થવામાં ઘણો સમય જાય તેમ છે. ઉપરોકત તમામ સંજોગોમાં રજૂ થયેલ સમગ્ર રેકર્ડ અને પોલીસ પેપર્સની તમામ હકીકત પ્રમાણે અરજદાર/આરોપી સામેના આક્ષેપિત ગુન્હાહીત કૃત્યના પ્રકાર અને સ્વરૂપને તથા આક્ષેપિત ગુન્હાની સજાની જોગવાઈઓ વિગેરે તમામ લક્ષમાં લેતાં, અરજદાર/આરોપીની હાજરી મળી આવે અને ફરિયાદપક્ષના તમામ પુરાવાઓ સુરક્ષીત તથા અકબંધ રહે, તે માટે અરજદાર/આરોપીને કેટલીક કડક શરતોને આધીન જામીન મુકત કરવા યોગ્ય, વ્યાજબી અને ન્યાયી જણાતું હોય ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

(અ) અરજદાર/આરોપી જયેશભાઈ પુંજાભાઈ બઢ, રહે. રાધેકૃષ્ણ પાર્ક, રાધાના પાડાની બાજુમાં, તા.ઉપલેટા, જી.રાજકોટનાઓ ધ્વારા

ક્રિ.પ્રો.કોડની કલમ ૪૩૯ અન્વયે કરવામાં આવેલી હાલની જામીન અરજી આથી મંજૂર કરવામાં આવે છે.

(બ) જો આ કામના અરજદાર પોરબંદરના કુતિયાણા પોલીસ સ્ટેશન થર્ડ ગુ.ર.નં.૧૬૧/૨૦૧૯ પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧-બી), ૬૫(ઈ), ૧૧૬(બી), ૯૮(૨) અને ૮૧ વિગેરે મુજબના શિક્ષાનેપાત્ર ગુન્હાના કામે રૂા.૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પુરા)ના જાત મુચરકા તથા તેટલી જ રકમના યોગ્ય, સધ્ધર અને હયાત જામીન આપે તો તેમને નીચેની શરતોને આધીન આ કામે જામીન મુકત કરવા.

**<u>શરતો</u> :-**

૧) અરજદાર/આરોપીએ ફરિયાદપક્ષના પુરાવા સાથે કોઈ ચેડા કરવા નહી અને ફરિયાદી તથા સાહેદોને કોઈ જાતની ધાક ધમકી કે લાલચ અને પ્રલોભન આપવું નહી.

૨) અરજદાર/અરોપીએ પોતાની જામીન મુકિતનો કોઈ ગેરલાભ લેવો નહી અને ફરિયાદપક્ષના કેસને નુકશાન થાય તેવું કોઈ કૃત્ય કરવું નહી.

૩) અરજદાર/આરોપીએ ફરીથી કોઈ જાતનું ગુન્હાહીત કૃત્ય કરવું નહી અને કોઈ જાતની ગુન્હાહીત પ્રવૃતિ સાથે પોતાની જાતને સાંકળવી નહી.

૪) અરજદાર/આરોપીએ હુકમ મુજબ જામીન મુકત થયાના દિવસ - ૩ માં પોતાનું હાલનું રહેણાંક સ્થળ સોગંદનામાથી સબંધીત નીચેની કોર્ટમાં જાહેર કરવું અને ઈન્સાફી કાર્યવાહી પુરી થતાં સુધી તેમાં અદાલતની પુર્વ પરવાનગી વગર કોઈ જાતનો ફેરફાર કરવો નહી અને જો પાસપોર્ટ ધરાવતા હોય તો, દિન -૩ માં તપાસ કરનાર અધિકારી સમક્ષ રજૂ કરવો.

૫) અરજદાર/આરોપીએ તેમની સામેની ઈન્સાફી કાર્યવાહી પુરી ન થાય ત્યાં સુધી અદાલતની પુર્વ પરવાનગી વગર ગુજરાત રાજયની હદ છોડવી

નહી.

૬) અરજદાર/આરોપીએ ચાર્જશીટ થતાં સુધી દર અંગ્રેજી મહિનાની પહેલી અને પંદરમી તારીખે સવારના કલાક ૦૯.૦૦ થી સાંજના કલાક ૧૭.૦૦ દરમ્યાન કોઈપણ સમયે પોતાની હાજરી સબંધીત પોલીસ સ્ટેશનમાં અચુકપણે પુરાવવી.

(ક) અરજદાર/આરોપીએ હુકમ મુજબના જામીન સબંધીત નીચેની અદાલતમાં આપવાના રહેશે.

(ડ) આ હુકમની જાણ સબંધીત પોલીસ સ્ટેશનને અને સબંધીત નીચેની અદાલતને કરવી. જરૂરી યાદી કરવી.

હુકમ આજરોજ તા.૧૨મી માહે જુલાઈ સને ૨૦૧૯ ના રોજ વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા.૧૨/૦૭/૨૦૧૯
સ્થળ : પોરબંદર.

(સંજય જયેન્દ્ર રાજે)
(GJ00329)
સેશન્સ જજ, પોરબંદર.